# 49

**ગુજરાત યુનિવર્સિટી ,   અમદાવાદની બિલ્ડીંગ ભાડે આપવા બાબત**

* 15/4/2308 **શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી** (દાંતા) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ ખાતે આવેલ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં આવેલ અટલ કલામ ઇનોવેશન સેન્ટરના બિલ્ડીંગના અમુક માળ ક્યારે કઇ ખાનગી કંપનીને શા દરથી ભાડે આપવામાં આવેલ છે, અને | (૧) | ગુજરાત યુનિવર્સિટી,  અમદાવાદ દ્વારા અટલ કલામ ઇનોવેશન સેન્ટરના બિલ્ડીંગમાં ભાડે આપવામાં આવેલ માળની વિગત નીચે મુજબ છે.<br>૧) ત્રીજો માળ તા.૦૪/૧૨/૨૦૨૦થી થયેલ MOU મુજબ Mediscribes Infotech (India) LLP કંપનીને પ્રતિ સ્ક્વેર ફીટ રૂ. ૩૦.૦૦ના દરથી ભાડે આપવામાં આવેલ છે.<br>૨) ચોથો અને પાંચમો માળ તા.૨૧/૦૪/૨૦૨૨થી થયેલ MOU મુજબ રાયસન લેબ પ્રા. લિ. કંપનીને પ્રતિ સ્ક્વેર ફીટ રૂ. ૩૦.૦૦ના દરથી ભાડે આપવામાં આવેલ છે. |
| (૨) | તે અંગે રાજ્ય સરકાર દ્વારા ક્યારે મંજૂરી આપવામાં આવી? | (૨) | યુનિવર્સિટી કક્ષાએથી મંજૂરી આપવામાં આવતી હોવાથી રાજ્ય સરકારશ્રી દ્વારા મંજૂરી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |